GJMR050010042025

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૧/૧૦/૨૦૨૫ |
| રજી. તારીખ | : | ૦૧/૧૦/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૦૯/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |

**<u>ટંકારાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ટંકારા.</u>**

**ક્રિ. કે. નં. ૮૪૫/૨૦૨૫.**
આંક :–

શ્રી સરકાર ............... ફરીયાદી.

**<u>વિરુધ્ધ</u>**

રાકેશભાઈ વેરશીભાઇ કુલતરીયા,
રહે. વાલાસણ કાળકા માતાજીના મઢ પાસે, તા.વાંકાનેર, જી.મોરબી............... આરોપી.

**<u>ગુન્હો: પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ.</u>**

---

ફરિયાદ પક્ષે : વિ. એ. પી. પી. શ્રી એસ.બી.સોલંકી
આરોપી પક્ષે : વિ. વકીલ શ્રી એમ.વી.બારૈયા

---

**<u>:: ચુ કા દો ::</u>**

૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજામાં પ્લાસ્ટિકની થેલીમાં ગે.કા. પાસ પરમિટ કે આધાર વગર કેફી પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૩૫ દેશી દારૂ લી.–૦૭ કિં.રૂા. ૧૪૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવતા, પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ.એ.) મુજબનો ગુન્હો કરેલ, જે બાબતની ફરીયાદ ફરીયાદીએ ટંકારા પો.સ્ટે. ભાગ–સી, ગુના રજી. નં. ૮૫૩/૨૦૨૫ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશિટ કરેલ.

૨) ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી આંક–૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું

ફરમાવી આંક–૫ થી આરોપીની પ્લી નોંધતા આરોપી દવારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ ઈમરાનભાઈ હાસમભાઈ સુમરાણી | ૭ |
| ૨ | પંચસાહેદ જુબેરભાઈ આદમભાઈ લઘડ | ૯ |
| ૩ | ત.ક.અ. જશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા | ૧૦ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૮ |
| ૨ | ફરિયાદ | ૧૧ |

ત્યારબાદ, ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થતા આ કામે આરોપી વિરુધ્ધ પુરાવા આવતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તમામ સવાલોના નકારાત્મક જવાબો આપેલ છે. બચાવપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી. ત્યાર બાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૪) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧)** શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજામાં પ્લાસ્ટિકની થેલીમાં ગે.કા. પાસ પરમિટ કે આધાર વગર કેફી પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૩૫ દેશી દારૂ લી.–૦૭ કિં.રૂા. ૧૪૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવતા, પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ.એ.) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

૫) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ **નકારાત્મક,**

મુદ્દા નં.૨ **આખરી હુકમ મુજબ.**

**::– નિર્ણય માટેના કારણો –::**

**મુદ્દા નં.૧ અને ૨.**

૬) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક:૧૦ થી ત.ક.અ. જશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજાને ને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસની જુબાનીમાં આંક–૧૧ થી રજુ થયેલ ફરીયાદની હકીકતને સમર્થન આપતી હકીકત જણાવી પંચો રૂબરૂ તપાસ કરી પંચનામાની વિગતે દેશી દારૂ મુદ્દામાલ કબજે કરેલ તથા ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પો.કોન્સ. કુષ્ણરાજસિંહ પી. ઝાલાએ આપેલ તથા આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

૭) ફરીયાદપક્ષ તરફે આંક–૭ થી પંચસાહેદ ઇમરાનભાઇ હાસમભાઇ સુમરાણીને તથા આંક–૯ થી પંચસાહેદ જુબેરભાઇ આદમભાઇ લધડને તપાસવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદે તેમની સરતપાસમાં પંચનામામાં તેમણે તેમની સહીં કર્યા સીવાયની બીજી કોઈ હકીકત જાણતા ન હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ સદરહુ પંચસાહેદની આરોપી પક્ષ તર્ફે ઉલટ તપાસ કરવામાં કરવામા આવતા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલી અને પંચનામા વિશે કોઈ માહીતી નથી. સદરહુ પંચસાહેદના પુરાવાથી પંચનામાની હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહી. આમ, પોલીસની કાર્યવાહીને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરિયાદ પક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૮) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનુ કથન થયેલ છે તે પંચ સાહેદોએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ **આંક–૮** થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટ જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. આ કામે પંચનામુ થયા બાદ ફરીયાદીએ ફરીયાદ આપેલ હોય તેમ છતાં પંચોના નામ ફરીયાદમાં દર્શાવેલ ન હોય તે હકીકત નજર અંદાજ થઈ શકે તેમ નથી. બનાવવાળા સ્થળેથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક. અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી કે પંચો સિવાય સ્વતંત્ર સાહેદોને ચાર્જશીટમાં દર્શાવેલ નથી. ફરીયાદી પોલીસ સ્ટાફના હોય જેથી તેઓને ફરીયાદ પક્ષના કેસમાં રસ ધરાવતા વ્યકિત હોવાનું ગણી શકાય. ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે ફરી ગયેલ સાહેદ હોઈ ફરીયાદપક્ષના

કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના કબજામાંથી મળેલ હોવા સંબંધી વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિંધ્ધાત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામા સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩)ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિમંતી સમય વેડફાવો જોઈએ નહી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત રીત પુરવાર કરવામાં સફળ થયેલ નથી.

૯) કીમીનલ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદ્દા નંબર (૧) નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નંબર (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવામા આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૨૭૧ અન્વયે આ કામના આરોપી રાકેશભાઈ વેરશીભાઇ કુલતરીયા, રહે. વાલાસણ કાળકા માતાજીના મઢ પાસે, તા.વાંકાનેર, જી.મોરબી નાઓને પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારુનો અપીલ સમય બાદ નીયમોનુસાર નિકાલ કરવો.

**3.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૪૮૧ અન્વયે આરોપીને હુકમ તારીખથી ૬ માસ સુધીના રૂા.૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો અથવા તો તેમના અગાઉના રજુ થયેલ જામીનદાર જામીન તરીકે ચાલુ રહેવા માંગતા હોય તો તે, મુજબની પુરશીસ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ :– ટંકારા.

**(સોએબમહંમદ ગુલામમહંમદ શેખ)**
જયુડી. મેજી. ફ. ક., ટંકારા.
કોડ.જી.જે ૦૧૬૧૫.

//FAS//